# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સ્વમાન અને સિદ્ધાંતો સાથે જાત વેંચાઇ જાય!
મૂલ્યો અને વફાદારી સામે આંખ મિંચાઇ જાય!
સિંચાઇ જાય કરોડો ને રેંચાઇ જાય દુશ્મની -
પૈસા ના લોહચૂંબકે ભલભલા ખેંચાઇ જાય!
('ઉમેદવાર' જ ખરીદી લીધો!)

## હાઈકુ

બની ગ્યાં જજ
એ વકૃત્વ સ્પર્ધાનાં
ઉમા-ભારતી!
(વેતા નો વઘાર)

રણમાં પણ -
વરસે મરજીએ -
'વરૂણ'-દેવ
(વરસ્યો ભાતૃપ્રેમ)

## ચિંતન

***આચારો લભતે આયુરા ચારાલ્લભતે શ્રિયમ્ । આચારાલ્લભતે કીર્તિ પુરૂષઃ પ્રેત્ય ચેહ ચ ॥***

'સદાચાર દ્વારા આયુષ્ય વધે છે, અને સદાચારથી જ સુલક્ષ્મીમાં વધારો થાય છે, સદાચાર વડે જ વ્યક્તિ આ લોક અને પરલોકમાં પૂજાય છે, કીર્તિ-માન-સન્માનને પામે છે.'

આજના સાધુ-સંત-બાપુઓ 'સદાચાર' નો ઉંબરો ઓળંગે પછી કયાંયના રહેતા નથી ન ઘર કે ન સાધુ સમાજમાં... 'સદાચાર' એ વિદ્વાનના વ્યક્તિત્વ અને વ્યાખ્યાન કરતાં પણ સમાજ અને શ્રોતાઓને વણકથય્યો સંદેશ આપે છે.

સદાચારમાં નિયમિતપણું, સારા આચાર-વિચાર અને કર્તવ્યપાલન સાથે સત્ય-નિષ્ઠા આવે છે સદાચારમાં નિર્વ્યસની જીવનનો સમાવેશ થાય છે પરિણામે તંદુરસ્તી અને આયુષ્ય પર એની સીધી અસર થાય છે.

સદાચારથી સાદું-જીવન તથા ખર્ચ નથી થતું પરિણામે 'સુલક્ષ્મી' પ્રાપ્ત થાય છે. સદાચારી વ્યક્તિત્વની એક આભા ઉભી થાય છે જે સમાજમાં પૂજનીય અને સન્માનીય બને છે આવી વ્યક્તિ અહીં તો માન-સન્માન પામે જ છે પરલોકમાં પણ પૂજાય છે.

## સુવિચાર

- ઓછા દુઃખી થવું એટલે સુખને શોધવા જવાની પહેલ ન કરવી. સુખ આપણને સામેથી શોધવા આવે તે પળની રાહ જોવી. એ રાહ જોતાં જોતાં પણ ઘણું શીખી જઇશું- ***ઓશો***
- 'માયા' શબ્દનો સામાન્ય અર્થ સાંસારિક ભ્રમ અથવા અજ્ઞાન ગણાય છે ***- ડો. ચંદ્રકાન્ત મહેતા***
- સાચુ હાસ્ય દુર્લભ છે, સાચું બે જ લોકો હસે છે... એક તો પાગલ અને બીજો સાચો સંત... બાકીના તો હસવાનો ઢોંગ કરતા હોય છે ***- તરૂણ સાગરજી***
- નિર્બળતા, ભય અને અજ્ઞાનના સંગમ પર અંધવિશ્વાસનો જન્મ થાય છે- ***અમૃતબિંદુ***
- વિજ્ઞાન અને સાહિત્ય બે અલગ નથી પણ એક જ પૃષ્ઠની બે બાજુ છે- ***થોમસ હકસલે***
- એને શું રોકી શકવાનું અંધારાનું જાળું, જે પોતાની સાથે રાખે છે અજવાળું- ***કૃષ્ણ દવે***
- મીઠુ સ્મિત, તીખો ગુસ્સો, ખારા આંસુઓ, ખાટીમીઠી યાદો, અને થોડીક કડવાશ આ બધા સ્વાદ મળીને બનતી વાનગી એટલે ઝીંદગી ***- માનસસૂત્ર***

***(સંકલન : દીપક વી.આસારા)***

## બોધ કથા

જો 'કર્મ'ને કર્તવ્ય-ફરજ-કર્મયોગ સમજી કરવામાં આવે તો એ પૂજા-પાઠ-ભક્તિ-તપ-સાધના જ છે પછી એ નોકરી-વેપાર-કસાઇનું કામ પણ કેમ ન હોય?! ઇશ્વરને-આત્માને સાક્ષી રૂપ કરી કરવામાં આવતું કામ-ફરજ એ 'અધ્યાત્મ પંથ' જ છે..

અમેરિકાના એક ધનાઢ્ય વેપારીને ત્યાં એક ચાકર વર્ષોથી ઘરકામ કરતો હતો. એમાં સાફસૂફી-બાગકામ-રસોઇ-બેંક જેવાં કામકાજ પણ કરતો - શેઠને માટે એ હાથ-પગ અને 'શ્વાસ' હતો અને ચાકર પણ - ખૂબ શ્રધ્ધા વિશ્વાસથી પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક-ચોકસાઇથી કરતો હતો.

એક દિવસે, શેઠે નોકરને બોલાવી કહ્યું જો આજથી તારા કામ પર દેખરેખ રાખવા આ સુપરવાઇઝર રાખ્યા છે તારૂં કામ જોશે બીજાં કામકાજ માટે એ તને સૂચના આપશે- હવેથી તું એની આજ્ઞામાં રહેજે...

ચાકરે તરત જ નિર્ભયપણે સ્પષ્ટ કહ્યું, માફ કરજો, શેઠ તો હવે મને આ ક્ષણે જ મારી ફરજમાંથી મને મુક્ત કરો?!

શેઠે જુના નોકરને પૂછ્યું - કેમ? એકાએક શું થયું?

નોકર કહે-શેઠ, મારો સુપરવાઇઝર મારો આત્મા જ છે અને એની સૂચનાથી જ મેં આજ સુધી ફરજ બજાવી છે છતાં પણ તમને મારા પર સુપરવાઇઝરની જરૂર જણાઇ તેથી મને લાગે છે કે મારી કયાંક ચૂક થઇ છે! અને શેઠ તેને ભેટી પડ્યા. નવા સુપરવાઇઝરને વિદાય કર્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# વસંતનો માદક વૈભવ કવિઓની કલમ અને ચિત્રકારની પીંછીને કલાસર્જનની અવનવી કેડીઓ તરફ દોરી જાય છે અને હૃદયની ધબકતી ઊર્મિઓને શબ્દાંક્તિ કે રેખાંકિત કરે છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

***સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'***

***નિબંધ સેતુ***

***વસંતના વધામણાં***

કુદરતની પરિક્રમા એટલે પરિવર્તન! આ પરિક્રમાનો એક આંટો પૂરો કરીને પ્રકૃતિ નવલો પડાવ કરે અને નવું રૂપ ધારણ કરે, ત્યાં પ્રકૃતિ પરિવર્તન પામે.

જેમ માનવ જીવનમાં 'લીલી'- 'સૂકી', ચઢાવ-ઉતાર આવે તેમ, કુદરતના સાનિધ્યમાં ખીલતી પ્રકૃતિના તત્ત્વોમાં પણ આ લીલી-સૂકીનું પરિવર્તન નિરંતર આવ્યા જ કરે!

સૂર્યના આગમનની છડી પોકારતી ઉષાની કેસરી ઝાંય, દરિયાનાં ઉછળતાં-ઘૂઘવતાં મોજાંની અને સ્વૈરવિહાર કરતી વાદળીઓનો મરક મરક મલકાટ અને ઘટાટોપ વાદળોનો ગડગડાટ અને વીજળીના કાતિલ ચમકારા; વહેતા પવનનો સપાટો અને ઘડીભરનો થંભાટ, કાળમીંઢ ખડકોનું મીણમાં થતું રૂપાંતર; આ બધું જ પ્રકૃતિના પરિવર્તનને અનુરૂપ-કાળચક્રની અવિરત પરિક્રમા છે!

વર્ષાઋતુમાં મીઠાં જળથી સિંચાઈને હર્યુંભર્યું લીલુકુંજાર જીવન પામેલ વનરાજી-વનસ્પતિઓ વૃદ્ધિ પામતાં જાય અને ભરચક લીલાં-કુંજાર થઈને લચી પડે; જાણે કો નવોઢાએ કોડથી ઓઢેલ લીલી ચૂંદડી જોઇ લ્યો! અને ત્યાં જ ફૂલગુલાબી ઠંડી સાથે શિયાળાની શિશિરનાં પગલાં મંડાય અને વૃક્ષોના જીવનમાં - કુંદરતમાં ભરપૂર 'લીલી' પથરાઇ હોય ત્યાં શિયાળો ધીરે ધીરે 'બાય-બાય' કહીને વિદાય થતો જાય. ધીમે ધીમે વાતાનુકૂલિત વાયરો પલટાય અને પાછી કુદરતની પરિક્રમા શરૂ થતાં, વૃક્ષો પરથી પાન-પાંદડાં ખરવાનું શરૂ થઈ જાય! અને આમ વૃક્ષોના જીવનમાં 'સૂકી' આવ્યાનાં એંધાણ વર્તાય! પલટાયેલો પવનથી વૃક્ષો પર શોભતાં લીલાછમ્મ પાંદડા પરિપક્વતા ધારણ કરે અને પીળાં પડતાં જાય અને એક પછી એક; એમ સર્વે વૃક્ષોનો - વેલીઓનો સાથ છોડીને, ટપોટપ ખરતાં જાય અને ભોંય પર પછડાય! વૃક્ષ આખરે પર્ણવિહીન બની, સાવ સૂક્કુભંઠ ભાસે - જાણે કૌમાર્ય વિધવા બનેલ કોઈ કોડીલી કન્યા!

શિયાળાની શિશિરની વિદાય થતાં જ વસંતનું આગમન થાય અને આ વસંતના આગમનને પશુ-પક્ષી, હરિયાળી વનરાજી-વેલી બધાં જ ઉમંગભેર, થનગનતા હૈયે વધાવતાં હોય તેવો માહોલ છવાઈ જાય! પ્રકૃતિને માંડવે વસંત રાણીને વધાવવા હોડ જામે! વૃક્ષોમાં - વેલીઓણાં નવચેતના પ્રસરે અને લીલોતરીનો નવશણગાર સજે, નિશ્ચેતન વૃક્ષોમાં - વેલીઓમાં નવું ચેતન, સંચરે, આમ્રઘટામાં મંજરીઓ મહોરી-મહેંકી ઊઠે; કેસૂડો કોળી ઊઠે, કમળ પુષ્પોથી સરોવરો શોભી ઊઠે! સલૂણી સવાર પ્રગટતાં જ કળી કળીમાં સુવાસ મહેંકી ઊઠે અને ફૂલે ફૂલે બહાર છવાઈ જાય! તૃણે તૃણે ઝળકતાં ઝાકળબિંદુ મોતીસમા ચમકી ઊઠે! વસંતના આગમનને તેની છડી પોકારાતી અને વસંતને આવકારતી - વધારતી કોયલનું કુંજન શરૂ થાય!

આનંદદાયક વાતાવરણ છવાય અને મંદ મંદ પવન ફૂંકાય અને વાસંતી વાયરા વાય! વૃક્ષો નવપલ્લવિત થવા લાગે અને નવી કૂંપળો શોભી ઊઠે! નવાં પુષ્પોની ફોરમ અમીરસ ચૂસવા મધમાખીઓ અને ભ્રમરોની, ગુંજારર સાથેની હડિયાદોટ શરૂ થઈ જાય! આમ વાતાવરણમાં નવચેતના પ્રસરે પરંતુ, આ વસંતની મધમધતી ચેતના શહેરમાં ન જોવા મળે - તેન શહેરમાં માણવા ન મળે! વસંતની કેફીલી મહેફિલ તો ગામડામાં જામે! હાં! આપણે ભાગ્યશાળી છીએ કે, આપણે ગાંધીનગર શહેરમાં વસંતને તેની હરિયાળીને માણી શકીએ - પરંતુ હા, જો ચારેકોર વેરાયેલ વસંતને જાણવાની અને માણવાની દૃષ્ટિ કેળવીએ અને સવારનો થોડોક સમય ફાજલ કરીએ અને કુદરતનું સાંનિધ્ય માણીએ તો!

વસંતનો માદક વૈભવ કવિઓની કલમ અને ચિત્રકારની પીંછીને કલાસર્જનની અવનવી કેડીઓ તરફ દોરી જાય છે અને હૃદયની ધબકતી ઊર્મિઓને શબ્દાંક્તિ કે રેખાંકિત કરે છે.

શરદને પોતીકું સૌંદર્ય છે, પરંતુ ફુલગુલાબી વસંતની બહારની તુલનામાં તે શીતળ સૌંદર્ય ફીક્કું અને ફીસ્સું લાગે! વર્ષાઋતુનું ઉન્માદક સૌંદર્ય વધુ આકર્ષક લાગે! વસંતની તાજગીભરી બહાર, પ્રકૃતિને નવી તાજગી અને નવયૌવન બક્ષે છે એટલે જ તેને ઋતુરાજ કે ઋતુરાણી કહી છે!

તો આવો! આ ધાંધલ અને ધમાલિયા જીવનમાંથી થોડીક ક્ષણો ફાજલ કરી; કુદરતના અલભ્ય બેનમૂન નજારાને માણીએ અને કુદરત સાથે ઓતપ્રોત થઈ; વસંતની તરબતર તાજગીને ઘૂંટડે ઘૂંટડે પી - અમીરસ પામીએ! શુષ્ક જીવનમાં નવચેનતાનો સંચાર કરીએ!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

***હાઇકુ***

(૧) પરિવર્તન
એટલે, પરિક્રમા
કુદરનતી!

(૨) જામી છે હોડ
વસંત વધાવવા
ધરા માંડવે!

(૩) આવી વસંત,
વગડો મલકાયો;
હતો હતાશ!

(૪) વસંતટાણે
કર્ણફૂલશી ઝૂલે
મંજરી આંબે!

(૫) વસંત ટાણે
પમરે પરિમલ
પુષ્પ, કૂંપળે!

(૬) તુષારબિન્દુ
દમકે રવિતેજે,
લૈ મલકાટ

(૭) આવો કરીએ,
વસંત વધામણાં,
ભૂલી અતીત!

***કાવ્ય સેતુ***

***રૂડી વસંત આવી!***

મલપતી, મલકતી રૂડી વસંત આવી,
વન-વગડે રંગબેરંગી પુષ્પો સજાવી.
ફૂલોની ફોરમ ચોગરદમ પ્રસરાવી,
મધમધતી, મહેંકતી આ વસંત આવી.
ધરા આંચલે લીલી નાધેરને પ્રસરાવી,
પ્રિતના પાનેતરને ફરફર લ્હેરાવી;
આંખનાં અદકેરાં નીતર્યાં અમી વર્સાવી,
મધમધતી, મહેંકતી આ વસંત આવી.
જીવનમાં પ્રિતની રૂડી રીત શિખવાડી,
સ્મિતભર્યાં અધરે સ્નેહનાં ગીત રેલાવી,
મિલનની મધુર પરિમલ પમરાવી;
મધમધતી, મહેંકતી આ વસંત આવી.
લઈ હોળીના 'દધિ'ભર્યાં રંગો વિખરાવી,
અતલધરા શણગારતી વસંત આવી.

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

***પાવન***

વસંતના આગમને
મારૂં મન થયું મધુવન.
કોયલના ટહૂકે,
મારૂં મન થયું આમ્રકુંજ
બુલબુલના કલરવે
મારૂં મન થયું ઉપવન.
મયૂરના ટહૂકારે
મારૂં મન થયું અષાઢ
શમણાંને સાંજે, મારૂં મન થયું વ્યથિત
નિંદરની સોડયમાં,
મન મારૂં થયું મિલન.
'શિવ' તારા દર્શને
થયું મન મારૂં પાવન.
વસંતના આગમને, મારૂં મન થયું મધુવન!

***- ભરત પંડ્યા***

# સન્યસ્ત લીધા પછી સ્વામી ગોવિન્દ ભગવદ્પાદ પાસથી દીક્ષા ગ્રહણ કરી, કાશીમાં જઇને અદ્વૈતદર્શનનો ગહન અભ્યાસ કર્યો, તેમની વિદ્વત્તાથી અનેકાનેક શિષ્યો તેમના તરફ આકર્ષાયા

## અદ્વૈત વેદાન્તદર્શક ભગવાન શંકરાચાર્ય

***- ડો. આર.જે. વ્યાસ***

વેદાન્તના પ્રાચીન આચાર્યશ્રી/મનીષિઓના વિશે જ્ઞાત થવું રસપ્રદ બનશે. આમ તો અદ્વૈતવાદનો ભારતમાં બહુ જ પ્રાચીનકાળથી પ્રચાર થયો છે. પરંતુ શ્રી શંકરાચાર્યને અદ્વૈતવાદના પ્રવર્તક અને સમર્થક માનવામાં આવ્યા છે. અદ્વૈતમતને 'શાંકરમત' અથવા 'શાંકરદર્શન' પણ કહે છે. 'બ્રહ્મસૂત્ર' પર આજે જેટલા ભાષ્યો રચાયા છે તે સર્વ ભાષ્યોમાં 'શંકરભાષ્ટ' જ સર્વક્ષ સૌથી આદરપાત્ર છે.

ભગવાન શંકરના જે ગ્રંથો, લેખો મળી આવ્યા છે તે પરથી એવું સ્પષ્ટ થાય છે કે શ્રી શંકરાચાર્ય એક અલૌકિક વ્યક્તિ હતા. શંકરાચાર્ય વિરચિત ગ્રંથોએ એ પ્રતિપાદિત કરી બતાવ્યું છે કે તેમના ચિંતન, મનન, લેખનમાં પ્રકાંડ પાંડિત્ય, ગંભીર વિચારશૈલી, પ્રચંડ કર્મશીલતા, અગાધ ભગવત્ ભક્તિ, સર્વોત્તમ ત્યાગ જેવા અનેક ગુણોનો દુર્લભ સમુચ્ચ જોવા મળે છે. સાક્ષાત સરસ્વતી તેમની વાણીમાં બિરાજતી હતી. માત્ર બત્રીસ વર્ષના અલ્પ આયુષ્યકાળમાં તેમણે અનેક મહાન ગ્રંથોની રચના કરી દીધી. સમગ્ર ભારતમાં ભ્રમણ કરી શાસ્ત્રાર્થમાં વિરોધીઓને પરાજિત કરી ભારતની ચારેય દિશાઓમાં ચાર મઠ પ્રસ્થાપિત કરી સમગ્ર ભારતમાં નવ ચેતના પ્રગટાવી.

શંકરાચાર્યના જન્મકાળ વિશે પ્રામાણિક મત તારવી શકાયો નથી. તેમનો જન્મ કેરળ પ્રદેશમાં પૂર્ણાનંદીના તટવર્તી 'કલાદી' ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરૂ અને માતાનું નામ સુભદ્રા હતું. શિવગુરૂ અત્યંત વિદ્વાન અને ધર્મનિષ્ઠ બ્રાહ્મણ હતા. સુભદ્રા પર વિદૂષી અને ધર્મપરાયણા પત્ની હતી. પ્રૌઢાવસ્થા સમાપ્ત થવા સુધીમાં કોઇ સંતાન પ્રાપ્તિ થઇ ન હતી. પતિ-પત્નીએ ખૂબ જ શ્રદ્ધા - ભક્તિ સાથે ભગવાન શંકરની સકામ ઉપાસના કરી. ભગવાન આશુતોષે તેમની ઉપાસનાથી પ્રસન્ન થઇ મનોવાંછિત વરદાન આપ્યું. પરિણામ સ્વરૂપ સુભદ્રાએ શુભમુર્હૂતમાં દિવ્ય કાંતિવાળા પુત્રરત્નને જન્મ આપ્યો. તેમનું નામ ભગવાનના નામ ઉપરથી 'શંકર' રાખવામાં આવ્યું.

બાળક શંકરના રૂપમાં કોઇ મહાન વિભૂતિ અવતારિત થઇ હતી. શૈશવકાળથી જ તેનાં પ્રમાણો મળવા લાગ્યા. એક વર્ષની ઉંમરે પોતાની માતૃભાષામાં ભાવાભિવ્યક્તિ, બે થી ત્રણ વર્ષની અવસ્થામાં માતા પાસેથી પુરાણાદિની કથાઓનું શ્રવણ કરી કંઠસ્થ કરવાની શક્તિ પ્રગટ થઇ. સાત વર્ષની ઉંમરે તો વેદ, વેદાંત, વેદાંગોનો સંપૂર્ણ અભ્યાસ કરી ઘેર પાછાં ફર્યાં. તેમની અસાધારણ પ્રતિભા જોઇને તેમના ગુરૂજન દંગ જ થઇ ગયા.

વિદ્યાધ્યયન પૂર્ણ કર્યા પછી શંકરે સન્યાસ લેવાની ઇચ્છા દર્શાવી. પરંતુ માતાએ પરવાનગી ન આપી. શંકર માતાના પરમ ભક્ત હતા. તેમને દુઃખ આપી સંન્યાસ લેવા ઇચ્છતા નહોતા. પરંતુ એક દિવસ માતાની સાથે નદીમાં સ્નાન કરવા ગયા. નદીમાં મગરમચ્છે તેમને પકડી લીધો. પુત્રને મહાસંકટમાં જોઈ માતાના હોશહવાસ ઉડી ગયા. માતાએ બેચેન બની હાહાકાર મચાવ્યો. માતાની આ સ્થિતિ જોઇને શંકરે કહ્યું, "મને સંન્યાસ લેવાની આજ્ઞા આપો તો મગર મને છોડી દેશે." માતાએ આજ્ઞા આપી કે મગરે શંકરને છોડી દીધા. માત્ર ૮ વર્ષની ઉંમરે માતાની ઇચ્છાનુસાર મૃત્યુના સમયમાં ઉપસ્થિત રહેવાનું વચન આપી સન્યસ્ત ગ્રહણ કરી ઘેરથી નીકળી પડ્યા.

સન્યસ્ત લીધા પછી સ્વામી ગોવિન્દ ભગવદ્પાદ પાસથી દીક્ષા ગ્રહણ કરી. કાશીમાં જઇને અદ્વૈતદર્શનનો ગહન અભ્યાસ કર્યો. તેમની વિદ્વત્તાથી અનેકાનેક શિષ્યો તેમના તરફ આકર્ષાયા. અનેક વિદ્વત્જનો સાથે તેમને શાસ્ત્રાર્થ કર્યો, બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખીને અદ્વૈતવાદના પ્રચારાર્થે સમગ્ર ભારતખંડમાં નીકળી પડ્યા. ભારતમાં શૃંગેરીમઠ, દ્વારકાધીશ મઠ, ગોવર્ધનમઠ અને બદરિકાશ્રમમાં જયોતિમઠની તેમને સ્થાપના કરી હતી.

આમ તો શંકારાચાર્યે લગભગ ૭૨ ગ્રંથ રચના કરી છે એમ કહેવાય છે તેમ છતાં આ બધાં જ ગ્રંથો તેમના જ રચેલા છે તે કહેવું અત્યંત કઠિન છે. ગમે તેમ પર શંકરાચાર્યે લખેલા મુખ્યગ્રંથો આ પ્રમાણે છે. બ્રહ્મસૂત્રભાષ્ય, (ઇશ, કેત, કઠ, પ્રશ્ન, મુંડક, માણ્ડૂક્ય, ઐતરીય, છાન્દોદય) જેવા ઉપનિષદો ઉપરના ભાષ્યો, ગીતાભાષ્ય, વિષ્ણુસાહસ્રનામ ભાષ્ય, લલિતાત્રિશતીભાષ્ય, વિવેકચૂડાર્માય, પ્રબોધસુધારક વાક્યસુધા જેવી અનેક ભક્તિભાવપૂર્ણ ભાવરચનાઓ કરી છે.

આચાર્ય શંકારાચાર્ય અદ્વૈતસિદ્ધાન્તના પ્રધાન આચાર્ય જ નહીં પરંતુ એક યુગપ્રવર્તક પણ હતા. વૈદિકધર્મનો સૂર્ય અચલાચલ તરફ જઇ રહ્યો હતો ત્યારે ડૂબતા વૈદિકધર્મનો પુનસદ્ધાર કર્યો હતો. પોતાની ૩૨ વર્ષની અલ્પઆયુમાં તેમને જે અતિમાનુષ કાર્ય કર્યું તે વાસ્તવમાં વિસ્મયજનક અને ઉત્સાવર્ધક છે. તેમને જે સિદ્ધાંતની સ્થાપના કરી તેના પર સંસારના મહાન વિદ્વાનો અને વિચારકો પણ મંત્રમુગ્ધ છે. એમાં કોઇ જ સંદેહ નથી કે શંકરાચાર્ય દાર્શનિકજગતના સૌથી અધિક દેદીપ્યમાન 'રત્ન' છે. મહાન વિદ્વાનોને તેમે 'દાર્શનિકસાર્વભૌમ' કહીને સન્માનિત કર્યા છે. આવા મહાન શંકરભક્ત, વિદ્વાન અને વેદાન્તશિરોમણિ 'શંકરાચાર્ય' વિરચિત શંકરસ્તુતિ આલેખતાં સુભાષિતોનું શ્રાવણ માસના પવિત્ર પર્વમાં શ્રદ્ધાપૂર્વક ગાન કરી આપણે પણ પાવન થઇએ એ જ શુભકામના.

# રાજય સરકારના કેટલાક કોચ ૧૫ વર્ષ કરતાં પણ વધારે સમયથી ૧૧ માસની કરાર આધારીત નોકરી કરે છે

## કોચ તરીકે કારકિર્દી બનાવવા ગુજરાતી યુવાનો નિરૂત્સાહ

***- ભરતજી ઠાકોર***

ગુજરાત દરેકક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે રમતગમત ક્ષેત્રે કેમ પાછળ છે? શા માટે ગુજરાતના ખડતલ યુવાનો રમતગમત ક્ષેત્રે આગલ વધી શકતા નથી? આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા ગુજરાતી ખેલાડીઓની સંખ્યા જોવામાં આવે તો આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ છે. ગુજરાત સામે બાળક જેવું અને હજું હમણાં જ નવું રચાયેલ રાજય ઝારખંડ દેશના રમતગમત ક્ષેત્રે પોતાની નોંધ લેવડાવે છે ત્યારે ગુજરાત કેમ પાછળ પડી જાય છે જે ગુજરાતને રમતગમત ક્ષેત્રે વિકાસ સાધવા માટે અવરોધરૂપ બને છે? આવા સવાલો આપણા મનમાં ઉદ્ભવે તે સ્વાભાવિક છે.

આ અંગે વિસ્તૃત ચર્ચા કરતા પહેલા હું રમતગમત ક્ષેત્રે કોચ તરીકેની કારકિર્દી બનાવવા માટે મારી સલાહ લેવા આવેલા ખેલાડી અને તેના વાલી સાથે થયેલા મારા વાર્તાલાપ દરમિયાનના મારા અનુભવને હું આપની સમક્ષ રજૂ કરવા માંગુ છું. ફેન્સીંગ રમતના મારો એક ટ્રેઇની ખેલાડી ફેન્સીંગ કોચ બનવાની ઈચ્છા ધરાત્વતો હોવાથી ફેન્સીંગ કોચ તરીકે કારકિર્દી બનાવવા માટે તે મારી પાસે નેતાજી સુભાષ નેસનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટ્સ (એન.એસ.એન.આઇ.એસ.)ના ડિપ્લોમા ઈન સ્પોર્ટસ કોચીંગના અભ્યાસ અંગે માર્ગદર્શન મેળવવા માટે અને તેના પિતાના મનમાં ઉદ્ભવેલા કેટલાક સવાલોના જવાબ મેળવવા માટે તે ખેલાડી મારી પાસે તેના પિતાને લઈને આવ્યો હતો.

કોર્ચ અંગેની માહિતી આપતા મેં જણાવ્યું કે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત નેતાજી સુભાષ નેસનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ દ્વારા સારા કોચ તૈયાર કરવા માટે વિવિધ રમતોમાં ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચીંગનો અભ્યાસ ચલાવવામાં આવે છે.

આ કોર્સ માટેની એન્ટરન્સ એકઝામ મે-જૂનમાં લેવાય છે અને તેના માટેના ફોર્મ માર્ચ-એપ્રિલ દરમિયાન સંખ્યાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ફોર્મ ભરી પટીયાલામાં પોસ્ટ દ્વારા ફોર્મ મોકલવાનું હોય છે. કોઈ પણ સ્નાતક યુવાન જે રમતમાં આ કોર્સ કરવા માંગતો હોય તે રમતમાં ઓછામાં ઓછા બે સિનિયર નેસનલ રમેલો હોવો જોઈએ. આ કોર્સ માટે વિદેશમાંથી પણ ઉમેદવારો આવતા હોય છે. તેમજ આર્મી, રેલ્વે, પોલીસમાં નોકરી કરતાં ખેલાડીઓ પણ ભાગ લેતા હોય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ વિજેતા ખેલાડીઓ દસ પાસ હોય તો પણ આ અભ્યાસ કરી શકે છે. કોર્સ માટેની લાયકાત અંગે ઇન્સ્ટટીયુટની વેબસાઈટ () પર જોઈ શકાય છે તેમ ફોર્મ કેવી રીતે ભરવું તેની માહિતી પણ આ વેબસાઈટ પર આપવામાં આવેલ છે. આ એક વર્ષના કોર્સ દરમિયાન અભ્યાસાર્થીને સંપૂર્ણ પણ વૈજ્ઞાનિક ઢબે ખેલાડીઓને કેવી રીતે તાલીમ અપાય તે શિખવવવામાં આવે છે. રમતની ટેકનીકો સાથે સ્પોર્ટ વિજ્ઞાન સહિતના ખેલાડીની માનસિકતા સમજવા માટેના ઉપયોગી વિષયો પર પણ શિક્ષણ આપવામાં આવે છે. કોર્સ સફળતાપૂર્વક પસાર કરનાર અભ્યાસાર્થીને ઈન્સ્ટટીયુટ દ્વારા કોચ તરીકેનો ડિપ્લોમા એનાયત કરવામાં આવે છે. ગુજરાતમાં કોચને બીજા વર્ગના અધિકારી ગણવામાં આવે છે.

મારી વાત પૂરી થતા ખેલાડીના પિતાએ સવાલ કર્યો કે હાલમાં જો મારો પુત્ર આ અભ્યાસ સફળતાપૂર્વક કરીને આવે તો તેને સરકારી નોકરી મળવાની શક્યતા કેટલી? અને કેટલો પગાર મળે? આ સવાલનો જવાબ આપતાં મેં જણાવ્યું કે ગુજરાતમાંથી હજુ સુધી ફેન્સીગ રમતમાં કોઈએ આ અભ્યાસ કર્યો ન હોવાથી નોકરીની ઉજળી તકો છે. આ અભ્યાસ કરનાર કોચને રાજય સરકારના રમતગમત વિભાગ સંચાલિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તેઓને જે રમતના કોચની જરૂરિયાત હોય તે રમતના કોચની ભરતી રૂા. ૧૫,૦૦૦ના ફિક્સ પગારથી ૧૧ માસના કરાર હેઠળ ભરતી કરવામાં આવે છે અને આ કોચીઝનો કરાર એક માસના બ્રેક બાદ રીન્યુ કરવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્રિય વિદ્યાલય દ્વારા રૂા. ૨૧,૦૦૦ ના ફિક્સ પગારથી ૧૧ માસના કરાર આધારીત કોચની ભરતી કરવામાં આવે છે. કેન્દ્રિય વિદ્યાલય કરારને રીન્યુ નથી કરતી અને દર વર્ષે નવી ભરતી બહાર પાડે છે. આ ઉપરાંત ખાનગી શાળાઓ, યુનિવર્સિટીઓ અને કેટલીક કંપનીઓ તથા કલબો અને એકેડમીઓ દ્વારા પણ તેઓની જરૂરિયાત મુજબ કોચની ભરતી કરતા હોય છે.

યુવાન પિતાએ સવાલ કર્યો કે રાજય સરકાર દ્વારા કાયમી ભરતી કરવામાં નથી આવતી? જવાપ આપતા મેં જણાવ્યું કે રાજય સરકાર દ્વારા છેલ્લે ૧૯૯૧-૯૨ માં કાયમી ભરતી થયેલ નથી. રાજયના રમતગમત વિભાગના ભરતી કેલેન્ડરમાં પણ આ વર્ષે કાયમી કોચની ભરતીની કોઇ જોગવાઈ નથી. હા, જિલ્લા રમતગમત અધિકારી અને પ્રાંત અધિકારીની ભરતીની જોગવાઈ છે. યુવાને સવાલ કર્યો કે, એન.આઇ.એસ. ડિપ્લોમાં અભ્યાસ બાદ જિલ્લા રમતગમત અધિકારી બની શકાય? સવાલનો જવાબ આપતાં મેં જણાવ્યું કે અન્ય રાજયોમાં જિલ્લા રમતગમત અધિકારીની પોસ્ટ માટે એન.આઇ.એસ. ડિપ્લોમા ધરાવતા કોચની ભરતી કરવામાં આવે છે. પરંતુ ગુજરાતમાં એન.આઇ.એ. ડિપ્લોમાં ધરાવતા કોચ આ પદ માટે અરજી કરવા લાયક નથી. ડી.પી.એડ્. બી.પી.ઈ., બી.પી.એડ્. જેવા અભ્યાસ કરનાર ઉમેદવાર અરજી કરી શકે છે. એન.આઇ.એસ. ડિપ્લોમાને બી.પી.એડ્. કરતા ઉચ્ચ અભ્યાસ ગણવામાં આવે છે પરંતુ તેમ છતાં આ અભ્યાસને જિલ્લા રમતગમત અધિકારીની ભરતી માટે માન્ય ન ગણવાની રાજયની નીતિ ખોટી છે પરંતુ તેમાં સુધારો થશે કે નહીં તે બાબતે અત્યારે કંઇ કહી શકાય નહીં.

વિદ્યાર્થીના વાલીએ સવાલ કર્યો કે એક વર્ષના અભ્યાસ બાદ પણ નોકરીની તકો નહીવત છે ત્યારે ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચીંગનો અભ્યાસ શા માટે કરવો? તેના કરતા તો એક વર્ણનો બી.પી.એડ્. નો અભ્યાસ કરવો સારો. આ અભ્યાસ જિલ્લા રમતગમત અધિકારી કે પ્રાંત અધિકારીની ભરતી માટે લાયક ગણાય અને કોઈ પણ શાળામાં વ્યાયામ શિક્ષક તરીકેની પણ મળી શકે, તો નોકરીની ઓછી તક ધરાવતા આ ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચીંગનો અભ્યાસ શા માટે કરવો? વધુમાં ઉમેરતા યુવાનના પિતાએ કહ્યું કે અમારા સગામાં એક યુવાને બી.કોમ. કર્યા બાદ રેલવેની પરીક્ષા આપી અને પાસ થઈ જતા રૂા. ૧૫,૦૦૦ના સ્ટાર્ટીંગ પગારથી તેની નોકરી પણ શરૂ થઈ ત્યારે એન.આઇ.એસ. ડિપ્લોમાં અભ્યાસ કરવા કરતાનો વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવી વધુ સારી.

(અનુસંધાન પાના નં. ૬ પર)